
# શરણાગત – રક્ષક મહારાજા શિબિ

– સુરેખા અમૃત ચૌધરી

રાજા શિબિ એક દિવસ પોતાની રાજસભામાં બેઠેલા હતા. તે જ વખતે એક હોલો ઊડતો ઊડતો આવી તેમનાં કપડાંમાં સંતાવા લાગ્યો. હોલો ઘણો ગભરાયેલો જણાતો હતો. રાજાએ વહાલથી તેના પર હાથ ફેરવ્યો અને પંપાળ્યો.

હોલાની પાછળ જ એક બાજ ઊડતો આવ્યો અને રાજાની સામે બેઠો. બાજે મનુષ્યની વાણીમાં કહ્યું : ‘આપ ન્યાયને જાણનારા રાજવી છો. આપે કોઈનું ભક્ષ્ય લઈ લેવું ન જોઈએ. આ હોલો મારું



ભોજન છે. માટે આપ એ મને આપી દો.'

મહારાજા શિબિએ કહ્યું : 'તમે મનુષ્યની ભાષા બોલો છો. તમે કોઈ સામાન્ય પક્ષી ન હોઈ શકો, પણ તમે ગમે તે હો, આ હોલો મારે શરણે આવેલો છે. હું શરણાગતનો ત્યાગ નહિ કરું.'

બાજ બોલ્યો : 'હું ઘણો ભૂખ્યો છું, તમે મારું ભોજન છીનવી મને શા માટે મારી નાખો છો ?

રાજા શિબિએ કહ્યું : 'તમારું કામ તો ગમે તે માંસથી ચાલી શકશે. તમારે આ હોલાને જ મારવાની શી જરૂર છે ? તમારે કેટલું માંસ જોઈએ ?'

બાજે કહેવા માંડયું : 'મહારાજ ! હોલો મરે કે બીજું કોઈ પ્રાણી મરે, માંસ તો કોઈને મારવાથી જ મળશે. બધાં પ્રાણીઓ આપની પ્રજા છે. બધાં જ આપના શરણમાં છે. તેમાંથી જ્યારે કોઈને પણ મારવો જ છે, તો પછી આ હોલાને મારવામાં શી હરકત છે ? હું તો તાજું માંસ ખાનાર પ્રાણી છું અને અપવિત્ર માંસ હું કદી ખાતો નથી. મને કાંઈ લોભ પણ નથી. કોઈ પવિત્ર પ્રાણીનું તાજું માંસ આ હોલાની બરાબર જોખી મને આપી દો. મારી ભૂખ એટલાથી મટી જશે !'

રાજાએ વિચાર કરી કહ્યું : 'હું બીજા કોઈ પ્રાણીને મારવાનો નથી. મારું પોતાનું માંસ જ હું તમને આપીશ.'

બાજે કહ્યું : 'એક ચક્રવર્તી સમ્રાટ હોઈને આપ એક હોલા માટે આપનું શરીર શા માટે કાપો છો ? આપ ફરીથી વિચાર કરી જુઓ.'

રાજાએ કહ્યું : 'બાજ ! તમારે તો પોતાનું પેટ ભરવાથી કામ છે. તમે માંસ લો અને પોતાની ભૂખ મટાડો. મેં તો પૂરતો વિચાર કરી લીધો છે. મારું શરીર કાંઈ અજર–અમર નથી. શરણમાં આવેલા એક પ્રાણીની રક્ષા માટે શરીર કામમાં આવે, એના કરતાં એનો બીજો કોઈ વધુ સારો ઉપયોગ થઈ શકતો નથી.'

મહારાજાની આજ્ઞાથી ત્યાં જોખવાનો કાંટો મંગાવવામાં આવ્યો. એક પલ્લામાં હોલાને બેસાડવામાં આવ્યો અને બીજા પલ્લામાં મહારાજાએ પોતાને હાથે કાપીને પોતાનો ડાબો હાથ મૂક્યો. પણ હોલાનું પલ્લું જમીનથી ઊંચે આવ્યું નહિ. મહારાજા શિબિએ પોતાનો એક પગ કાપીને મૂક્યો અને તેમ છતાંય જ્યારે હોલાવાળું પલ્લું ભારે રહ્યું, ત્યારે બીજો પગ પણ કાપીને મૂકી દીધો. હજુ પણ હોલાનું પલ્લું જમીન પર અટકેલું રહ્યું. મહારાજા શિબિનું શરીર લોહીથી તરબોળ થઈ જવા છતાં એનું

એમને જરાય દુઃખ નથી. હવે તો તેઓ જાતે પલ્લામાં બેસી ગયા અને બાજને કહ્યું : 'તમે મારા આ શરીરને ખાઈને તમારી ભૂખ મટાડો !'

હવે મહારાજા જે પલ્લામાં હતા તે પલ્લું ભારે થઈ જમીન પર અડક્યું અને હોલાવાળું પલ્લું ઊંચું થયું. પણ તે જ વખતે બધાંએ જોયું કે બાજ તો સાક્ષાત્ દેવરાજ ઈંદ્રના રૂપમાં પ્રકટ થયેલા છે અને હોલાના રૂપમાં આવેલા અગ્નિદેવ પણ પોતાના રૂપમાં પ્રકટ થઈને ઊભા છે. અગ્નિદેવે કહ્યું : 'મહારાજ, આપ તો એવા મોટા ધર્માત્મા છો કે આપની સરખામણીમાં હું તો શું પણ વિશ્વમાં કોઈ પણ આવી શકે એમ નથી.'

ઈંદ્રે મહારાજાનું શરીર પ્રથમના જેવું બનાવી દીધું અને બોલ્યા કે, 'આપના ધર્મની પરીક્ષા લેવા માટે અમે બાજ અને હોલાનાં રૂપ લીધાં હતાં. આપનો યશ અમર રહેશે.'

બન્ને દેવતાઓ મહારાજાની પ્રશંસા કરીને તેમને આશીર્વાદ આપી અંતર્ધાન થઈ ગયા.

■